# ૬. મોક્ષપ્રાભૃત

આ પ્રાભૃતમાં મોક્ષનો—પરમાત્મપદનો—અતિ સંક્ષેપમાં નિર્દેશ કરીને, પછી તે મોક્ષ પ્રાપ્ત કરવાનો શો ઉપાય છે તેનું વર્ણન મુખ્યપણે કરવામાં આવ્યું છે. સ્વદ્રવ્યરત જીવ મુકાય છે અને પરદ્રવ્યરત જીવ બંધાય છે–એ, આ પ્રાભૃતનો કેન્દ્રવર્તી સિદ્ધાંત છે.

કરીને [૧]ક્ષપણ કર્મો તણું, પરદ્રવ્ય પરિહરી જેમણે
જ્ઞાનાત્મ આત્મા પ્રાપ્ત કીધો, નમું નમું તે દેવને. ૧.

તે દેવને નમી—[૨]અમિત-વર-દગજ્ઞાનધરને શુદ્ધને,
કહું પરમપદ—પરમાતમા—પ્રકરણ પરમયોગીન્દ્રને. ૨.

જે જાણીને, યોગસ્થ યોગી, સતત દેખી જેહને,
ઉપમાવિહીન અનંત અવ્યાબાધ શિવપદને લહે. ૩.

તે આતમા છે [૩]પરમ-અંતર-બહિર ત્રણધા દેહીમાં;
[૪]અંતર-ઉપાયે [૫]પરમને ધ્યાઓ, તજો બહિરાતમા. ૪.

છે [૬]અક્ષધી બહિરાત્મ, આતમબુદ્ધિ અંતર-આતમા,
જે મુક્ત કર્મકલંકથી તે દેવ છે પરમાતમા. ૫.

તે છે વિશુદ્ધાત્મા, અનિંદ્રિય, મળરહિત, તનમુક્ત છે,
પરમેષ્ઠી, કેવળ, પરમજિન, શાશ્વત, [૭]શિવંકર, સિદ્ધ છે. ૬.

---

૧. ક્ષપણ = ક્ષય. ૨. અમિત-વર = અનંત અને પ્રધાન.

૩. પરમ-અંતર-બહિર ત્રણધા = પરમાત્મા, અંતરાત્મા અને બહિરાત્મા –એમ ત્રણ પ્રકારે.

૪. અંતર-ઉપાયે = અંતરાત્મારૂપ સાધનથી; અંતરાત્મારૂપ જે પરિણામ તે પરિણામરૂપ સાધનથી. ૫. પરમને = પરમાત્માને.

૬. અક્ષધી = ઇંદ્રિયબુદ્ધિ; 'ઇંદ્રિયો તે જ આત્મા છે' એવી બુદ્ધિવાળો.

૭. શિવંકર = સુખકર; કલ્યાણકર.

થઈ [૧]અંતરાત્મારૂઢ, બહિરાત્મા તજીને ત્રણવિધે,
[૨]ધ્યાતવ્ય છે પરમાતમા—જિનવરવૃષભ-ઉપદેશ છે. ૭.

[૩]બાહ્યાર્થ પ્રત્યે [૪]સ્ફુ રિતમન, [૫]સ્વભ્રષ્ટ ઇન્દ્રિયદ્વારથી,
નિજદેહ [૬]અધ્યવસિત કરે આત્માપણે [૭]જીવ મૂઢધી. ૮.

નિજદેહ સમ પરદેહ દેખી મૂઢ ત્યાં ઉદ્યમ કરે,
[૮]તે છે અચેતન તોય માને તેહને [૯]આત્માપણે. ૯.

વસ્તુસ્વરૂપ જાણ્યા વિના [૧૦]દેહે સ્વ-અધ્યવસાયથી
અજ્ઞાની જનને મોહ ફાલે પુત્રદારાદિક મહીં. ૧૦.

રહી લીન મિથ્યાજ્ઞાનમાં, મિથ્યાત્વભાવે પરિણમી,
તે દેહ માને 'હું'પણે [૧૧]ફરીનેય મોહોદય થકી. ૧૧.

નિર્દ્વંદ્વ, નિર્મમ, દેહમાં નિરપેક્ષ, [૧૨]મુક્તારંભ જે,
જે લીન આત્મસ્વભાવમાં, તે યોગી પામે મોક્ષને. ૧૨.

પરદ્રવ્યરત બંધાય, [૧૩]વિરત મુકાય વિધવિધ કર્મથી;
—આ, બંધમોક્ષ વિષે જિનેશ્વરદેશના સંક્ષેપથી. ૧૩.

---

૧. અંતરાત્મારૂઢ = અંતરાત્મામાં આરૂઢ; અંતરાત્મારૂપે પરિણત.
૨. ધ્યાતવ્ય = ધ્યાવાયોગ્ય; ધ્યાન કરવા યોગ્ય.
૩. બાહ્યાર્થ = બહારના પદાર્થો.
૪. સ્ફુ રિતમન = સ્ફુ રાયમાન (તત્પર) મનવાળો.
૫. સ્વભ્રષ્ટ ઇન્દ્રિયદ્વારથી = ઇન્દ્રિયો દ્વારા આત્મસ્વરૂપથી ચ્યુત.
૬. અધ્યવસિત કરે = માને.
૭. જીવ મૂઢધી = મૂઢ બુદ્ધિવાળો જીવ; મૂઢબુદ્ધિ (અર્થાત્ બહિરાત્મા) જીવ.
૮. તે = પરનો દેહ. ૯. આત્માપણે = પરના આત્મા તરીકે.
૧૦. દેહે સ્વ-અધ્યવસાયથી = 'દેહ તે જ આત્મા છે' એવા મિથ્યા અભિપ્રાયથી.
૧૧. ફરીનેય = આગામી ભવમાં પણ.
૧૨. મુક્તારંભ = નિરારંભ; આરંભ રહિત.
૧૩. વિરત = પરદ્રવ્યથી વિરમેલ; પરદ્રવ્યથી વિરામ પામેલ.

રે! નિયમથી નિજદ્રવ્યરત સાધુ સુદૃષ્ટિ હોય છે,
સમ્યક્ત્વપરિણત વર્તતો [1]દુષ્ટાષ્ટ કર્મો ક્ષય કરે. ૧૪.

પરદ્રવ્યમાં રત સાધુ તો મિથ્યાદરશયુત હોય છે,
મિથ્યાત્વપરિણત વર્તતો બાંધે કરમ દુષ્ટાષ્ટને. ૧૫.

પરદ્રવ્યથી દુર્ગતિ, ખરે સુગતિ સ્વદ્રવ્યથી થાય છે;
—એ જાણી, નિજદ્રવ્યે રમો, પરદ્રવ્યથી વિરમો તમે. ૧૬.

[2]આત્મસ્વભાવેતર સચિત્ત, અચિત્ત, તેમ જ મિશ્ર જે,
તે જાણવું પરદ્રવ્ય—સર્વજ્ઞે કહ્યું [3]અવિતથપણે. ૧૭.

દુષ્ટાષ્ટકર્મવિહીન, અનુપમ, [4]જ્ઞાનવિગ્રહ, નિત્ય ને
જે શુદ્ધ ભાખ્યો જિનવરે, તે આતમા સ્વદ્રવ્ય છે. ૧૮.

પરવિમુખ થઈ નિજદ્રવ્ય જે ધ્યાવે સુચારિત્રીપણે,
જિનદેવના મારગ મહીં [5]સંલગ્ન તે શિવપદ લહે. ૧૯.

જિનદેવમત-અનુસાર ધ્યાવે યોગી નિજશુદ્ધાત્મને,
જેથી લહે નિર્વાણ, તો શું નવ લહે [6]સુરલોકને? ૨૦.

બહુ ભાર લઈ દિન એકમાં જે ગમન સો યોજન કરે,
તે વ્યક્તિથી [7]ક્રોશાર્ધ પણ નવ જઈ શકાય શું ભૂતળે? ૨૧.

જે સુભટ હોય [8]અજેય કોટિ નરોથી—સૈનિક સર્વથી,
તે વીર સુભટ જિતાય શું સંગ્રામમાં નર એકથી? ૨૨.

---

૧. દુષ્ટાષ્ટ કર્મો = દુષ્ટ આઠ કર્મોને; ખરાબ એવાં આઠ કર્મોને.
૨. આત્મસ્વભાવેતર = આત્મસ્વભાવથી અન્ય.
૩. અવિતથપણે = સત્યપણે; યથાર્થપણે. ૪. જ્ઞાનવિગ્રહ = જ્ઞાનરૂપ શરીરવાળો.
૫. સંલગ્ન = લાગેલ; વળગેલ; જોડાયેલ. ૬. સુરલોક = દેવલોક; સ્વર્ગ.
૭. કોશાર્ધ = અર્ધ કોસ; અર્ધો ગાઉ.
૮. અજેય = ન જીતી શકાય એવો.

તપથી લહે સુરલોક સૌ, પણ ધ્યાનયોગે જે લહે
તે આતમા પરલોકમાં પામે સુશાશ્વત સૌખ્યને. ૨૩.

જ્યમ શુદ્ધતા પામે સુવર્ણ [1]અતીવ શોભન યોગથી,
આત્મા બને પરમાતમા ત્યમ કાળ-આદિક લબ્ધિથી. ૨૪.

[2]દિવ ઠીક વ્રતતપથી, ન હો દુખ [3]ઈતરથી નરકાદિકે;
છાંયે અને તડકે [4]પ્રતીક્ષાકરણમાં બહુ ભેદ છે. ૨૫.

[5]સંસાર-અર્ણવ રુદ્રથી [6]નિઃસરણ ઈચ્છે જીવ જે,
ધ્યાવે [7]કરમ-ઈન્ધન તણા દહનાર નિજ શુદ્ધાત્મને. ૨૬.

સઘળા કષાયો, [8]મોહરાગવિરોધ-મદ-ગારવ તજી,
ધ્યાનસ્થ ધ્યાવે આત્મને, વ્યવહાર લૌકિકથી છૂટી. ૨૭.

ત્રિવિધે તજી મિથ્યાત્વને, અજ્ઞાનને, [9]અઘ-પુણ્યને,
યોગસ્થ યોગી મૌનવ્રતસંપન્ન ધ્યાવે આત્મને. ૨૮.

દેખાય મુજને રૂપ જે તે જાણતું નહિ સર્વથા,
ને જાણનાર ન [10]દૃશ્યમાન; હું બોલું કોની સાથમાં? ૨૯.

---

૧. અતીવ શોભન = અતિ સારા.
૨. દિવ ઠીક વ્રતતપથી = (અવ્રત અને અતપથી નરકાદિ દુઃખ પ્રાપ્ત થાય તેના કરતાં) વ્રતતપથી સ્વર્ગ પ્રાપ્ત થાય તે મુકાબલે સારું છે.
૩. ઈતરથી = બીજાથી (અર્થાત્ અવ્રત અને અતપથી).
૪. પ્રતીક્ષાકરણમાં = રાહ જોવામાં.
૫. સંસાર-અર્ણવ રુદ્રથી = ભયંકર સંસારસમુદ્રથી.
૬. નિઃસરણ = બહાર નીકળવું તે.
૭. કરમ-ઈન્ધન તણા દહનાર = કર્મરૂપી ઈંધણાંને બાળી નાખનાર.
૮. મોહરાગવિરોધ = મોહરાગદ્વેષ.
૯. અઘ-પુણ્યને = પાપને તથા પુણ્યને.
૧૦. ન દૃશ્યમાન = દેખાતો નથી.

આસ્રવ સમસ્ત નિરોધીને ક્ષય પૂર્વકર્મ તણો કરે,
જ્ઞાતા જ બસ રહી જાય છે યોગસ્થ યોગી;–જિન કહે. ૩૦.

યોગી સૂતા વ્યવહારમાં તે જાગતા નિજકાર્યમાં;
જે જાગતા વ્યવહારમાં તે સુપ્ત આતમકાર્યમાં. ૩૧.

ઈમ જાણી યોગી સર્વથા છોડે સકળ વ્યવહારને,
પરમાત્મને ધ્યાવે યથા ઉપદિષ્ટ જિનદેવો વડે. ૩૨.

તું [1]પંચસમિત, [2]ત્રિગુપ્ત ને સંયુક્ત પંચમહાવ્રતે,
[3]રત્નત્રયીસંયુતપણે કર નિત્ય [4]ધ્યાનાધ્યયનને. ૩૩.

રત્નત્રયી આરાધનારો જીવ આરાધક કહ્યો;
આરાધનાનું વિધાન કેવલજ્ઞાનફળદાયક અહો! ૩૪.

છે સિદ્ધ, આત્મા શુદ્ધ છે ને સર્વજ્ઞાનીદર્શી છે,
તું જાણ રે!–જિનવરકથિત આ જીવ કેવળ જ્ઞાન છે. ૩૫.

જે યોગી આરાધે રતનત્રય પ્રગટ જિનવરમાર્ગથી,
તે આત્મને ધ્યાવે અને પર પરિહરે;—શંકા નથી. ૩૬.

જે જાણતું તે જ્ઞાન, દેખે તેહ દર્શન જાણવું,
જે પાપ તેમ જ પુણ્યનો પરિહાર તે ચારિત કહ્યું. ૩૭.

છે તત્ત્વરુચિ સમ્યક્ત્વ, તત્ત્વ તણું [5]ગ્રહણ [6]સદ્જ્ઞાન છે,
પરિહાર તે ચારિત્ર છે;—જિનવરવૃષભનિર્દિષ્ટ છે. ૩૮.

---

૧. પંચસમિત = પાંચ સમિતિથી યુક્ત (વર્તતો થકો).

૨. ત્રિગુપ્ત = ત્રણ ગુપ્તિ સહિત (વર્તતો થકો).

૩. રત્નત્રયીસંયુતપણે = રત્નત્રયસંયુક્તપણે.

૪. ધ્યાનાધ્યયન = ધ્યાન તથા અધ્યયન; ધ્યાન તથા શાસ્ત્રાભ્યાસ.

૫. ગ્રહણ = સમજણ; જાણવું તે; જ્ઞાન.

૬. સદ્જ્ઞાન = સમ્યગ્જ્ઞાન.

[૧]દગશુદ્ધ આત્મા શુદ્ધ છે, દગશુદ્ધ તે મુક્તિ લહે,
દર્શનરહિત જે પુરુષ તે પામે ન ઈચ્છિત લાભને. ૩૯.

[૨]જરમરણહર આ સારભૂત ઉપદેશ શ્રદ્ધે સ્પષ્ટ જે,
સમ્યક્ત્વ ભાખ્યું તેહને, હો શ્રમણ કે શ્રાવક ભલે. ૪૦.

જીવ-અજીવ કેરો ભેદ જાણે યોગી જિનવરમાર્ગથી,
સર્વજ્ઞદેવે તેહને સદ્જ્ઞાન ભાખ્યું [૩]તથ્યથી. ૪૧.

તે જાણી યોગી પરિહરે છે પાપ તેમ જ પુણ્યને,
ચારિત્ર તે [૪]અવિકલ્પ ભાખ્યું કર્મરહિત જિનેશ્વરે. ૪૨.

રત્નત્રયીયુત સંયમી [૫]નિજશક્તિતઃ તપને કરે,
શુદ્ધાત્મને ધ્યાતો થકો [૬]ઉત્કૃષ્ટ પદને તે વરે. ૪૩.

[૭]ત્રણથી [૮]ધરી ત્રણ, નિત્ય [૯]ત્રિકવિરહિતપણે, [૧૦]ત્રિકયુતપણે,
રહી [૧૧]દોષયુગલવિમુક્ત ધ્યાવે યોગી નિજ પરમાત્મને. ૪૪.

---

૧. દગશુદ્ધ = દર્શનશુદ્ધ; સમ્યગ્દર્શનથી શુદ્ધ.
૨. જરમરણહર = જરા અને મરણનો નાશક.
૩. તથ્યથી = સત્યપણે; અવિતથપણે.
૪. અવિકલ્પ = નિર્વિકલ્પ; વિકલ્પ રહિત.
૫. નિજશક્તિતઃ = પોતાની શક્તિ પ્રમાણે.
૬. ઉત્કૃષ્ટ પદ = પરમ પદ (અર્થાત્ મુક્તિ).
૭. ત્રણથી = ત્રણ વડે (અર્થાત્ મન-વચન-કાયાથી).
૮. ધરી ત્રણ = ત્રણને ધારણ કરીને (અર્થાત્ વર્ષાકાળયોગ, શીતકાળયોગ તથા ગ્રીષ્મકાળયોગને ધારણ કરીને).
૯. ત્રિકવિરહિતપણે = ત્રણથી (અર્થાત્ શલ્યત્રયથી) રહિતપણે.
૧૦. ત્રિકયુતપણે = ત્રણથી સંયુક્તપણે (અર્થાત્ રત્નત્રયથી સહિતપણે).
૧૧. દોષયુગલવિમુક્ત = બે દોષોથી રહિત (અર્થાત્ રાગ-દ્વેષથી રહિત).

જે જીવ માયા-ક્રોધ-મદ પરિવર્જીને, તજી લોભને,
નિર્મળ સ્વભાવે પરિણમે, તે સૌખ્ય ઉત્તમને લહે. ૪૫.

[1]પરમાત્મભાવનહીન, [2]રુદ્ર, કષાયવિષયે યુક્ત જે,
તે જીવ [3]જિનમુદ્રાવિમુખ પામે નહીં શિવસૌખ્યને. ૪૬.

જિનવરવૃષભ-ઉપદિષ્ટ જિનમુદ્રા જ શિવસુખ નિયમથી;
તે નવ રુચે સ્વપ્નેય જેને, તે રહે ભવવન મહીં. ૪૭.

પરમાત્મને ધ્યાતાં શ્રમણ મળજનક લોભ થકી છૂટે,
નૂતન કરમ નહિ આસ્રવે—જિનદેવથી નિર્દિષ્ટ છે. ૪૮.

પરિણત સુદૃઢ-સમ્યક્ત્વરૂપ, લહી સુદૃઢ-ચારિત્રને,
નિજ આત્મને ધ્યાતાં થકાં યોગી પરમ પદને લહે. ૪૯.

ચારિત્ર તે નિજ ધર્મ છે ને ધર્મ નિજ સમભાવ છે,
[4]તે જીવના [5]વણરાગરોષ અનન્યમય પરિણામ છે. ૫૦.

નિર્મળ સ્ફટિક પરદ્રવ્યસંગે અન્યરૂપે થાય છે,
ત્યમ જીવ છે નીરાગ પણ અન્યાન્યરૂપે પરિણમે. ૫૧.

જે દેવ-ગુરુના ભક્ત ને સહધર્મીમુનિ-અનુરક્ત[6] છે,
[7]સમ્યક્ત્વના વહનાર યોગી ધ્યાનમાં [8]રત હોય છે. ૫૨.

---

૧. પરમાત્મભાવનહીન = પરમાત્મભાવના રહિત; નિજ પરમાત્મતત્ત્વની ભાવનાથી રહિત. ૨. રુદ્ર = રૌદ્ર પરિણામવાળો.

૩. જિનમુદ્રાવિમુખ = જિનસદૃશ યથાજાત મુનિરૂપથી પરાઙ્મુખ.

૪. તે = નિજ સમભાવ. ૫. વણરાગરોષ = રાગદ્વેષરહિત.

૬. અનુરક્ત = અનુરાગવાળા; વાત્સલ્યવાળા.

૭. સમ્યક્ત્વના વહનાર = સમ્યક્ત્વને ધારી રાખનાર; સમ્યક્ત્વપરિણતિએ પરિણમ્યા કરનાર.

૮. રત = રતિવાળા; પ્રીતિવાળા; રુચિવાળા.

તપ ઉગ્રથી અજ્ઞાની જે કર્મો ખપાવે બહુ ભવે,
જ્ઞાની [૧]ત્રિગુપ્તિક તે કરમ અંતર્મુહૂર્તે ક્ષય કરે. ૫૩.

[૨]શુભ અન્ય દ્રવ્યે રાગથી મુનિ જો કરે [૩]રુચિભાવને,
તો તેહ છે અજ્ઞાની, ને વિપરીત તેથી જ્ઞાની છે. ૫૪.

આસરવહેતુ ભાવ તે શિવહેતુ છે તેના મતે,
તેથી જ તે છે [૪]અજ્ઞ, આત્મસ્વભાવથી વિપરીત છે. ૫૫.

[૫]કર્મજમતિક જે [૬]ખંડદૂષણકર સ્વભાવિકજ્ઞાનમાં,
તે જીવને અજ્ઞાની, [૭]જિનશાસન તણા દૂષક કહ્યા. ૫૬.

જ્યાં જ્ઞાન ચરિતવિહીન છે, તપયુક્ત પણ [૮]દૃગહીન છે,
વળી [૯]અન્ય કાર્યો [૧૦]ભાવહીન, તે લિંગથી સુખ શું અરે? ૫૭.

છે [૧૧]અજ્ઞ, જેહ અચેતને [૧૨]ચેતક તણી શ્રદ્ધા ધરે;
જે ચેતને ચેતક તણી શ્રદ્ધા ધરે, તે જ્ઞાની છે. ૫૮.

---

૧. ત્રિગુપ્તિક = ત્રણ-ગુપ્તિવંત.
૨. શુભ અન્ય દ્રવ્યે = (શુભ ભાવના નિમિત્તભૂત) પ્રશસ્ત પરદ્રવ્યો પ્રત્યે.
૩. રુચિભાવ = 'આ સારું છે, હિતકર છે' એમ એકાકારપણે પ્રીતિભાવ.
૪. અજ્ઞ = અજ્ઞાની.
૫. કર્મજમતિક = કર્મથી ઉત્પન્ન થયેલી બુદ્ધિવાળા; કર્મનિમિત્તક વૈભાવિક બુદ્ધિવાળા (જીવ).
૬. ખંડદૂષણકર સ્વભાવિકજ્ઞાનમાં = સ્વભાવજ્ઞાનને ખંડખંડરૂપ કરીને દૂષિત કરનાર (અર્થાત્ તેને ખંડખંડરૂપ માનીને દૂષણ લગાડનાર).
૭. જિનશાસન તણા દૂષક = જિનશાસનને દૂષિત કરનાર અર્થાત્ દૂષણ લગાડનાર.
૮. દૃગહીન = સમ્યગ્દર્શન રહિત. ૯. અન્ય કાર્યો = બીજી (આવશ્યકાદિ) ક્રિયાઓ. ૧૦. ભાવહીન = શુદ્ધભાવ રહિત.
૧૧. અજ્ઞ = અજ્ઞાની. ૧૨. ચેતક = ચેતનાર; ચેતયિતા; આત્મા.

તપથી રહિત જે જ્ઞાન, જ્ઞાનવિહીન તપ [૬]અકૃતાર્થ છે,
તે કારણે જીવ જ્ઞાનતપસંયુક્ત શિવપદને લહે. ૫૯.

[૭]ધ્રુવસિદ્ધિ શ્રી તીર્થેશ [૮]જ્ઞાનચતુષ્કયુત તપને કરે,
એ જાણી [૯]નિશ્ચિત જ્ઞાનયુત જીવેય તપ કર્તવ્ય છે. ૬૦.

જે બાહ્યલિંગે યુક્ત, આંતરલિંગરહિત ક્રિયા કરે,
તે [૧૦]સ્વકચરિતથી ભ્રષ્ટ, શિવમારગવિનાશક શ્રમણ છે. ૬૧.

[૧૧]સુખસંગ [૧૨]ભાવિત જ્ઞાન તો [૧૩]દુખકાળમાં લય થાય છે,
તેથી [૧૪]યથાબળ [૧૫]દુઃખ સહ ભાવો શ્રમણ નિજ આત્મને. ૬૨.

[૧૬]આસન-અશન-નિદ્રા તણો કરી વિજય, જિનવરમાર્ગથી
ધ્યાતવ્ય છે નિજ આતમા, જાણી [૧૭]શ્રીગુરુપરસાદથી. ૬૩.

છે આતમા સંયુક્ત દર્શન-જ્ઞાનથી, ચારિત્રથી;
નિત્યે અહો! ધ્યાતવ્ય તે, જાણી શ્રીગુરુપરસાદથી. ૬૪.

જીવ જાણવો દુષ્કર પ્રથમ, પછી [૧૮]ભાવના દુષ્કર અરે!
[૧૯]ભાવિતનિજાત્મસ્વભાવને દુષ્કર વિષયવૈરાગ્ય છે. ૬૫.

---

૬. અકૃતાર્થ = પ્રયોજન સિદ્ધ ન કરે એવું; અસફળ.
૭. ધ્રુવસિદ્ધિ = જેમની સિદ્ધિ (તે જ ભવે) નિશ્ચિત છે એવા.
૮. જ્ઞાનચતુષ્કયુત = ચાર જ્ઞાન સહિત. ૯. નિશ્ચિત = નક્કી; અવશ્ય.
૧૦. સ્વકચરિત = સ્વચારિત્ર. ૧૧. સુખસંગ = સુખ સહિત; શાતાના યોગમાં.
૧૨. ભાવિત = ભાવવામાં આવેલું.
૧૩. દુખકાળમાં = ઉપસર્ગાદિ દુઃખ આવી પડતાં.
૧૪. યથાબળ = શક્તિ પ્રમાણે. ૧૫. દુઃખ સહ = કાયક્લેશાદિ સહિત.
૧૬. આસન-અશન-નિદ્રા તણો = આસનનો, આહારનો અને ઊંઘનો.
૧૭. શ્રીગુરુપરસાદથી = ગુરુપ્રસાદથી; ગુરુકૃપાથી.
૧૮. ભાવના = આત્માને ભાવવો તે; આત્મસ્વભાવનું ભાવન કરવું તે.
૧૯. ભાવિતનિજાત્મસ્વભાવને = જેણે નિજાત્મભાવને ભાવ્યો છે તે જીવને; જેણે નિજ આત્મસ્વભાવનું ભાવન પ્રાપ્ત કર્યું છે તે જીવને.

આત્મા જણાય ન, જ્યાં લગી વિષયે પ્રવર્તન નર કરે;
[1]વિષયે વિરક્તમનસ્ક યોગી જાણતા નિજ આત્મને. ૬૬.

નર કોઈ, આતમ જાણી, આતમભાવનાપ્રચ્યુતપણે
[2]ચતુરંગ સંસારે ભમે વિષયે વિમોહિત મૂઢ એ. ૬૭.

પણ વિષયમાંહી વિરક્ત, આતમ જાણી [3]ભાવનયુક્ત જે,
[4]નિઃશંક તે તપગુણસહિત છોડે ચતુર્ગતિભ્રમણને. ૬૮.

પરદ્રવ્યમાં અણુમાત્ર પણ રતિ હોય જેને મોહથી,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત આત્મસ્વભાવથી. ૬૯.

જે આત્મને ધ્યાવે, [5]સુદર્શનશુદ્ધ, [6]દૃઢચારિત્ર છે,
વિષયે વિરક્તમનસ્ક તે શિવપદ લહે નિશ્ચિતપણે. ૭૦.

પરદ્રવ્ય પ્રત્યે રાગ તો સંસારકારણ છે ખરે;
તેથી શ્રમણ નિત્યે કરો નિજભાવના સ્વાત્મા વિષે. ૭૧.

નિંદા-પ્રશંસાને વિષે, દુઃખો તથા સૌખ્યો વિષે,
શત્રુ તથા મિત્રો વિષે [7]સમતાથી ચારિત હોય છે. ૭૨.

[8]આવૃતચરણ, વ્રતસમિતિવર્જિત, શુદ્ધભાવવિહીન જે,
તે કોઈ નર [9]જલ્પે અરે!—'નહિ ધ્યાનનો આ કાળ છે'. ૭૩.

---

૧. વિષયે વિરક્તમનસ્ક = જેમનું મન વિષયોમાં વિરક્ત છે એવા; વિષયો પ્રત્યે વિરક્ત ચિત્તવાળા.
૨. ચતુરંગ સંસારે = ચતુર્ગતિ સંસારમાં.
૩. ભાવનયુક્ત = આત્મભાવનાથી યુક્ત.
૪. નિઃશંક = ચોક્કસ; ખાતરીથી.
૫. સુદર્શનશુદ્ધ = સમ્યગ્દર્શનથી શુદ્ધ; દર્શનશુદ્ધિવાળા.
૬. દૃઢચારિત્ર = દૃઢ ચારિત્રયુક્ત. ૭. સમતા = સમભાવ; સામ્યપરિણામ.
૮. આવૃતચરણ = જેમનું ચારિત્ર અવરાયેલું છે એવા.
૯. જલ્પે = બકવાદ કરે છે; બબડે છે; કહે છે.

સમ્યક્ત્વજ્ઞાનવિહીન, [1]શિવપરિમુક્ત જીવ અભવ્ય જે,
તે [2]સુરત ભવસુખમાં કહે—'નહિ ધ્યાનનો આ કાળ છે'. ૭૪.

ત્રણ ગુપ્તિ, પંચ સમિતિ, પંચ મહાવ્રતે જે મૂઢ છે,
તે મૂઢ [3]અજ્ઞ કહે અરે!—નહિ ધ્યાનનો આ કાળ છે'. ૭૫.

ભરતે [4]દુષમકાળેય ધર્મધ્યાન મુનિને હોય છે;
તે હોય છે [5]આત્મસ્થને; માને ન તે અજ્ઞાની છે. ૭૬.

આજેય [6]વિમલત્રિરત્ન, નિજને ધ્યાઈ, ઈન્દ્રપણું લહે,
વા દેવ લૌકાંતિક બને, ત્યાંથી ચ્યવી સિદ્ધિ વરે. ૭૭.

જે [7]પાપમોહિતબુદ્ધિઓ ગ્રહી જિનવરોના લિંગને
પાપો કરે છે, પાપીઓ તે મોક્ષમાર્ગે [8]ત્યક્ત છે. ૭૮.

જે [9]પંચવસ્ત્રાસક્ત, પરિગ્રહધારી, [10]યાચનશીલ છે,
છે [11]લીન આધાકર્મમાં, તે મોક્ષમાર્ગે ત્યક્ત છે. ૭૯.

---

૧. શિવપરિમુક્ત = મોક્ષથી સર્વતઃ રહિત.
૨. સુરત ભવસુખમાં = સંસારસુખમાં સારી રીતે રત (અર્થાત્ સંસારસુખમાં અભિપ્રાય-અપેક્ષાએ પ્રીતિવાળો જીવ).
૩. અજ્ઞ = અજ્ઞાની ૪. દુષમકાળ = દુઃષમકાળ અર્થાત્ પંચમ કાળ.
૫. આત્મસ્થ = સ્વાત્મામાં સ્થિત; આત્મસ્વભાવમાં સ્થિત.
૬. વિમલત્રિરત્ન = શુદ્ધરત્નત્રયવાળા; રત્નત્રય વડે શુદ્ધ એવા મુનિઓ
૭. પાપમોહિતબુદ્ધિઓ = જેમની બુદ્ધિ પાપમોહિત છે એવા જીવો.
૮. ત્યક્ત = તજાયેલા; અસ્વીકૃત; નહિ સ્વીકારાયેલા.
૯. પંચવસ્ત્રાસક્ત = પંચવિધ વસ્ત્રોમાં આસક્ત (અર્થાત્ રેશમી; સુતરાઉ વગેરે પાંચ પ્રકારનાં વસ્ત્રો ધારણ કરનાર).
૧૦. યાચનશીલ = યાચનાસ્વભાવવાળા (અર્થાત્ માગીને—માગણી કરીને—આહારાદિ લેનારા)
૧૧. લીન આધાકર્મમાં = અધઃકર્મમાં રત (અર્થાત્ અધઃકર્મરૂપ દોષવાળો આહાર લેનારા).

નિર્મોહ, વિજિતકષાય, [૧]બાવીશ-પરિષહી, નિર્ગ્રંથ છે,
છે મુક્ત પાપારંભથી, તે મોક્ષમાર્ગે [૨]ગૃહીત છે. ૮૦.

છું એકલો હું, કોઈ પણ મારાં નથી લોકત્રયે,
—એ ભાવનાથી યોગીઓ પામે સુશાશ્વત સૌખ્યને. ૮૧.

જે દેવ-ગુરુના ભક્ત છે, [૩]નિર્વેદશ્રેણી ચિંતવે,
જે ધ્યાનરત, [૪]સુચરિત્ર છે, તે મોક્ષમાર્ગે ગૃહિત છે. ૮૨.

નિશ્ચયનયે—જ્યાં આતમા [૫]આત્માર્થ આત્મામાં રમે,
તે યોગી છે સુચરિત્રસંયુત; તે લહે નિર્વાણને. ૮૩.

છે યોગી, [૬]પુરુષાકાર, જીવ [૭]વરજ્ઞાનદર્શનપૂર્ણ છે;
[૮]ધ્યાનાર યોગી પાપનાશક [૯]દ્વંદ્વવિરહિત હોય છે. ૮૪.

શ્રમણાર્થ જિન-ઉપદેશ ભાખ્યો, શ્રાવકાર્થ સુણો હવે,
સંસારનું હરનાર [૧૦]શિવ-કરનાર કારણ પરમ એ. ૮૫.

ગ્રહી મેરુપર્વત-સમ અકંપ સુનિર્મળા સમ્યક્ત્વને,
હે શ્રાવકો! દુખનાશ અર્થે ધ્યાનમાં ધ્યાતવ્ય તે. ૮૬.

---

૧. બાવીશ-પરિષહી = બાવીશ પરિષહોને સહનારા.
૨. ગૃહીત = ગ્રહવામાં આવેલા; સ્વીકારવામાં આવેલા; સ્વીકૃત; અંગીકૃત.
૩. નિર્વેદશ્રેણી = વૈરાગ્યની પરંપરા; વૈરાગ્યભાવનાઓની હારમાળા.
૪. સુચરિત્ર = સારા ચારિત્રવાળા; સત્ચારિત્રયુક્ત.
૫. આત્માર્થ = આત્મા અર્થે; આત્મા માટે.
૬. પુરુષાકાર = પુરુષના આકારે.
૭. વરજ્ઞાનદર્શનપૂર્ણ = (સ્વભાવે) ઉત્તમ જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ.
૮. ધ્યાનાર = એવા જીવને–આત્માને–જે ધ્યાવે છે તે.
૯. દ્વંદ્વવિરહિત = નિર્દ્વંદ્વ; (રાગદ્વેષાદિ) દ્વંદ્વથી રહિત.
૧૦. શિવ કરનાર = મોક્ષનું કરનારું; સિદ્ધિકર.

સમ્યક્ત્વને જે જીવ ધ્યાવે તે સુદ્રષ્ટિ હોય છે,
સમ્યક્ત્વપરિણત વર્તતો દુષ્ટાષ્ટકર્મો ક્ષય કરે. ૮૭.

બહુ કથનથી શું? [૧]નરવરો [૨]ગત કાળ જે [૩]સિદ્ધ્યા અહો!
જે સિદ્ધશે ભવ્યો હવે, સમ્યક્ત્વમહિમા જાણવો. ૮૮.

નર ધન્ય તે, [૪]સુકૃતાર્થ તે, પંડિત અને શૂરવીર તે,
સ્વપ્નેય મલિન કર્યું ન જેણે [૫]સિદ્ધિકર સમ્યક્ત્વને. ૮૯.

[૬]હિંસાસુવિરહિત ધર્મ, દોષ અઢાર વર્જિત દેવનું,
નિર્ગ્રંથ પ્રવચન કેરું જે શ્રદ્ધાન તે સમકિત કહ્યું. ૯૦.

સમ્યક્ત્વ તેને, જેહ માને [૭]લિંગ પરનિરપેક્ષને,
[૮]રૂપે યથાજાતક, [૯]સુસંયત, સર્વસંગવિમુક્તને. ૯૧.

જે દેવ [૧૦]કુત્સિત, ધર્મ કુત્સિત, લિંગ કુત્સિત વંદતા,
ભય, શરમ વા ગારવ થકી, તે જીવ છે મિથ્યાત્વમાં. ૯૨.

વંદન અસંયત, [૧૧]રક્ત દેવો, લિંગ [૧૨]સપરાપેક્ષને,
—એ માન્ય હોય કુદ્રષ્ટિને, નહિ શુદ્ધ સમ્યગ્દ્રષ્ટિને. ૯૩.

---

૧. નરવરો = ઉત્તમ પુરુષો. ૨. ગત કાળ = ભૂતકાળમાં; પૂર્વે.
૩. સિદ્ધ્યા = સિદ્ધ થયા; મોક્ષ પામ્યા.
૪. સુકૃતાર્થ = જેમણે પ્રયોજનને સારી રીતે સિદ્ધ કર્યું છે એવા; સુકૃતકૃત્ય.
૫. સિદ્ધિકર = સિદ્ધિ કરનાર; મોક્ષ કરનાર.
૬. હિંસા સુવિરહિત = હિંસારહિત.
૭. લિંગ પરનિરપેક્ષને = પરથી નિરપેક્ષ એવા (અંતર્બાહ્ય) લિંગને; પરને નહિ અવલંબનારા એવા લિંગને.
૮. રૂપે યથાજાતક = (આંતરલિંગ-અપેક્ષાએ) યથાનિષ્પન્ન—સહજ—સ્વાભાવિક—નિરુપાધિક રૂપવાળા; (બાહ્યલિંગ-અપેક્ષાએ) જન્મ્યા પ્રમાણેના રૂપવાળા.
૯. સુસંયત = સારી રીતે સંયત; સુસંયમયુક્ત. ૧૦. કુત્સિત = નિંદિત; ખરાબ; અધમ. ૧૦. રક્ત = રાગી. ૧૨. સપરાપેક્ષ = પરની અપેક્ષાવાળા.

સમ્યક્ત્વયુત શ્રાવક કરે જિનદેવદેશિત ધર્મને;
વિપરીત તેથી જે કરે, કુદૃષ્ટિ તે જ્ઞાતવ્ય છે. ૯૪.

દૃષ્ટિ જે, તે સુખવિહીન પરિભ્રમે સંસારમાં,
જર-જન્મ-મરણપ્રચુરતા, દુખગણસહસ્ર ભર્યાં જિહાં. ૯૫.

'સમ્યક્ત્વ ગુણ, મિથ્યાત્વ દોષ' તું એમ મન સુવિચારીને,
કર તે તને જે મન રુચે; બહુ કથન શું કરવું અરે? ૯૬.

નિર્ગ્રંથ, બાહ્ય અસંગ, પણ નહિ ત્યક્ત મિથ્યાભાવ જ્યાં,
જાણે ન તે સમભાવ નિજ; શુ [1]સ્થાન-મૌન કરે તિહાં? ૯૭.

જે મૂળગુણને છેદીને મુનિ બાહ્યકર્મો આચરે,
પામે ન શિવસુખ [2]નિશ્ચયે [3]જિનકથિત-લિંગ-વિરાધને. ૯૮.

બહિરંગ કર્મો શું કરે? ઉપવાસ બહુવિધ શું કરે?
રે! શું કરે આતાપના?—આત્મસ્વભાવવિરુદ્ધ જે. ૯૯.

પુષ્કળ ભણે શ્રુતને ભલે, ચારિત્ર બહુવિધ આચરે,
છે બાળશ્રુત ને બાળચારિત, આત્મથી વિપરીત જે. ૧૦૦.

છે સાધુ જે વૈરાગ્યપર ને વિમુખ પરદ્રવ્યો વિષે,
ભવસુખવિરક્ત, સ્વકીય શુદ્ધ સુખો વિષે અનુરક્ત જે. ૧૦૧.

[4]આદેયહેય-સુનિશ્ચયી, [5]ગુણગણવિભૂષિત-અંગ જે,

---

૧. સ્થાન = નિશ્ચળપણે ઊભા રહેવું તે; ઊભાં ઊભાં કાર્યોત્સર્ગસ્થિત રહેવું તે; એક આસને નિશ્ચળ રહેવું તે.

૨. નિશ્ચયે = નક્કી.

૩. જિનકથિત-લિંગ-વિરાધને = જિનકથિત લિંગની વિરાધના કરતો હોવાથી.

૪. આદેયહેય-સુનિશ્ચયી = ઉપાદેય અને હેયનો જેમણે નિશ્ચય કરેલો છે એવા.

૫. ગુણગણ વિભૂષિત-અંગ = ગુણોના સમૂહથી સુશોભિત અંગવાળા.

પ્રણમે [1]પ્રણત જન, [2]ધ્યાત જન ધ્યાવે નિરંતર જેહને,
તું જાણ તત્ત્વ [3]તનસ્થ તે, જે [4]સ્તવનપ્રાપ્ત જનો સ્તવે. ૧૦૩.

અર્હંત-સિદ્ધાચાર્ય-અધ્યાપક-શ્રમણ—પરમેષ્ઠી જે,
પાંચેય છે આત્મા મહીં; આત્મા શરણ મારું ખરે. ૧૦૪.

સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન, સત્ચારિત્ર, સત્તપચરણ જે,
ચારેય છે આત્મા મહીં; આત્મા શરણ મારું ખરે. ૧૦૫.

આ જિનનિરૂપિત મોક્ષપ્રાભૃત-શાસ્ત્રને સદ્ભક્તિએ
જે પઠન-શ્રવણ કરે અને ભાવે, લહે સુખ નિત્યને. ૧૦૬.

❖

૧. પ્રણત જન = બીજાઓ વડે જેમને પ્રણમવામાં આવે છે તે જનો.
૨. ધ્યાત જન = બીજાઓ વડે જેમને ધ્યાવામાં આવે છે તે જનો.
૩. તનસ્થ = દેહસ્થ; શરીરમાં રહેલ.
૪. સ્તવનપ્રાપ્ત જનો = બીજાઓ વડે જેમને સ્તવવામાં આવે છે તે જનો.